ભરૂચ, અંકલેશ્વર પાણીમાં

૧૬ હજારથી વધુના સ્થળાંતરની ફરજ : ૧૩૫ વર્ષ જુના ઐતિહાસિક ગોલ્ડન બ્રીજ ખાતે જળસપાટી ૩૫ ફુટ થતાં બ્રીજ બંધ કરી દેવાયો : ભરૂચના ૫૦થી વધુ ગામમાં પુર પાણી ફરી વળ્યા

અમદાવાદ,તા. ૨૫

મધ્યપ્રદેશમાં ભારે વરસાદના પરિણામ સ્વરૂપે સરદાર સરોવર નર્મદા ડેમમાં વિક્રમજનક ૧૩૧ મીટરની સપાટી સર કરી દેતા જટીલ સમસ્યા આજે પણ ઉભી થઈ હતી. પુરની સ્થિતિ યથાવત બનેલી છે. બચાવ અને રાહત કામગિરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ભરૂચ અને અંકલેશ્વરમાંથી ૧૬ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરવાની ફરજ પડી છે. આ ઉપરાંત ગોલ્ડનબ્રીજ ખાતે જળ સપાટી ૩૫ ફુટ થતાં તેને ૧૯ વર્ષના લાંબા ગાળા બાદ બંધ કરવાની ફરજ પડી છે. ૧૩૫ વર્ષ જુના ઐતિહાસિક ગોલ્ડન બ્રીજને બંધ કરાતાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. ભરૂચ અને અંકલેશ્વર પાણીમાં છે. કરોડોનું નુકશાન થઈ ચુક્યું છે. નર્મદા ડેમની આસ-પાસ એસઆરપી, જિલ્લા પોલીસની ટુકડીઓ તૈનાત કરવામાં પણ આવી છે. ભરૂચ શહેરમાં હજારો દુકાનોમાં દસ ફુટ સુધીના પાણી ભરાઈ ગયા છે. ૨૫ હજારથી પણ વધુ લોકોને પુરની અસર થઈ છે. ભરૂચ શહેરમાં દુકાનોમાં પાણી ફરી વળતાં હજુ ઘણાં દિવસો સુધી વ્યાપારીઓ અને કારોબારીઓને રાહત નહીં મળે તેવી શક્યતા દેખાઈ રહી છે.બીજી બાજુ હવે રોગચાળાનો ખતરો પણ ઉભો થઈ ગયો છે.

નર્મદા નદીમાં પાણીની ભારે આવકથી ભરૂચ અને અંકલેશ્વરમાં આજે પણ પૂરની સ્થિતિ ચાલુ રહી હતી. ભરૂચમાંથી ૧૧ હજારથી પણ વધુ લોકો અને ૬૩૦૦થી વધુ પશુ તથા અંકલેશ્વરમાંથી ૫૦૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. નર્મદા નદીની સપાટી સરદાર સરોવર ખાતે ૧૩૦.૪૨ મીટર અને ગોલ્ડન બ્રીજ ખાતે ૩૫ ફુટ નોંધાઈ હતી. ગોલ્ડન બ્રીજને બંધ કરવામાં આવ્યો છે. ભરૂચ જિલ્લાના ૩૦૦થી વધુ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે અને ૫૦ ગામોમાં પાણી ઘુસી ગયું છે. જ્યારે અંકલેશ્વરમાં ૨૦ વિસ્તારો પાણીમાં ડુબી ગયા છે. છેલ્લા ત્રણ દિવસથી નર્મદા નદીમાં પૂર આવતાં ભરૂચની દશા બેઠી છે. ભરૂચમાં નીચાણવાળા વિસ્તારો સહીત સંખ્યાબંધ વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે. આથી ૧૧ હજારથી વધુ લોકો અને ૬૩૦૦થી વધુ પશુઓનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. સરદાર સરોવર ડેમ ખાતે સાંજે સપાટી ૧૩૦.૪૨ મીટર નોંધાઈ હતી. જોકે ઉપરવાસમાં વરસાદ ઘટતાં સરદાર સરોવર ખાતે દર કલાકે સપાટીમાં પાંચ સેન્ટીમીટરનો ઘટાડો થઈ રહ્યો છે. ભરૂચ પાસે ગોલ્ડન બ્રીજ ખાતે સપાટી ૩૫ ફુટ નોંધાતા બ્રીજ બંધ કરી દેવામાં આવ્યો છે. ભરૂચના ૫૦ ગામોમાં પાણી ફરી વળ્યું છે અને ૩૦૦થી વધુ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. અંકલેશ્વરમાંથી ૫૦૦૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે અને ૧૨ ગામો સંપર્ક વિહોણા બન્યા છે.

હવામાન વિભાગની આગાહી છે કે રાજ્યના તમામ જીલ્લા, દીવ, દમણ, દાદરા-નગર-હવેલીમાં કેટલાક સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શકયતા છે. આવતીકાલે અમદાવાદમાં કેટલાક વિસ્તારોમાં વરસાદના ઝાપટા પડી શકે છે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૦.૧ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪.૨ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮:૩૦ વાગે ૯૩ ટકા અને સાંજે ૫:૩૦ વાગે ૭૪ ટકા નોંધાયું હતું.

ભરૂચના પૂરગ્રસ્તોને મદદરૂપ થવા માટે કોંગ્રેસ પક્ષના આગેવાનોએ સક્રિયતાથી સહાય પહોંચાડી

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના અધ્યક્ષા શ્રીમતિ સોનિયા ગાંધીના રાજકીય સચિવ શ્રી અહેમદભાઈ પટેલની સૂચનાથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ ભરૂચ, અંકલેશ્વર અને નર્મદા કાંઠામાં પૂરગ્રસ્તોને મદદરૂપ થવા માટે પ્રદેશ કોંગ્રેસના અગ્રણી શ્રી અશોક પંજાબી, શ્રી મૌલિન વૈષ્ણવ અને શ્રી નટવરસિંહ મહીડાને તાકિદે મોકલ્યા હતા. પૂરગ્રસ્તોને મદદરૂપ થવા માટે પ્રદેશ કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે તાકિદે પૂરી-શાક અને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ કરાવ્યું હતું. મૂંગા પશુ માટે ઘાસચારાનું વિતરણ યુથ કોંગ્રેસ દ્વારા કરવામાં આવી રહ્યું છે. પૂરગ્રસ્તોને યોગ્ય સહાય મળે તે માટે કોંગ્રેસના પ્રતિનિધિ મંડળે કલેક્ટરશ્રી તથા અન્ય અધિકારીઓને રજૂઆત કરી હતી.

ભારે પૂરના કારણે ગોલ્ડનબ્રિજ બંધ કરવામાં આવ્યો છે. પરિણામે સરદારબ્રિજ પર ટ્રાફીકમાં ભારે ઘસારો થયો છે. નાગરિકોને સરળતાથી ટ્રાફીકમાંથી ઝડપી પસાર થઈ શકે તે માટે સાંસદશ્રી અહેમદભાઈ પટેલના પ્રયત્નથી સરદારબ્રિજ પર આગામી ત્રણ દિવસ માટે ટોલ ટેક્ષ લેવામાં નહીં આવે. જેના લીધે સમય બચી જશે અને વધુ પડતા ટ્રાફીકમાંથી સરળતા મળી રહેશે. કોંગ્રેસ પક્ષ દ્વારા આગામી દિવસોમાં પૂરગ્રસ્તોને સંપૂર્ણ મદદ મળી રહે તે માટે ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિ સક્રીય કામગીરી કરી રહી છે.

રિક્ષા નંબર લઈને ગાંધીનગર પોલીસની ટીમ રિક્ષા શોધવા દોડી

રિક્ષા ચાલકે આઈપીએસ અધિકારીને રસ્તા વચ્ચે ઉભા રાખીને ખખડાવ્યા : કોબા રોડ પર રીક્ષા ચાલકે સાઈડ ન આપતા કાર ચાલકે ઠપકો આપ્યો : રીક્ષા સાઈડમાં કરીને ચાલકે ગાળાગાળી કરી : કારમાં ખાનગી ડ્રેસમાં એક જિલ્લાના એસ.પી. નીકળ્યા

ગાંધીનગર, તા.૨૫

ખાખી વર્ધીમાં જે આવે તેને સાહેબ કહેવાનું શિખેલા ડ્રાઈવરો થોડી આઈ.એ.એસ., આઈ.પી.એસ. અધિકારી શું છે તે સમજે? ગઈ સાંજે ખાનગી ગાડી લઈને સૌરાષ્ટ્રના એક જિલ્લાના પોલીસ વડા ખાનગી ડ્રેસમાં કોબા રોડ પરથી નીકળ્યા અને સાઈડ આપવાની બાબતે રિક્ષા ચાલક સાથે ટસલમાં ઉતરી ગયા..! રિક્ષા ચાલકે રિક્ષા બાજુમાં રાખીને કરી ગામડાવાળી..! આઈ.પી.એસ. અધિકારીએ રિક્ષા નંબર લઈને પોતાની ગાડી રમરમાવી મુકી. તેમણે ગાંધીનગર એસ.પી.ને ફોન કર્યો અને રેલો આવ્યો સ્થાનિક પોલિસ સુધી...! પીએસઆઈની ટીમ રિક્ષાનો નંબર લઈને રિક્ષા હજુ શોધી રહી છે કે રવિવારે આર.ટી.ઓ. કચેરી બંધ...! સાહેબને જવાબ શું આપવો...?

સાંજના અરસામાં ભાટ-કોબા રોડ એક આઈ.પી.એસ. અધિકારી ખાનગી ડ્રેસમાં પોતાની ગાડી લઈને નીકળી રહ્યા હતાં. આ અધિકારી સૌરાષ્ટ્રના એક જિલ્લામાં પોલીસ વડા તરીકે ફરજ બજાવે છે. તેમની ગાડીની આગળ ભયંકર અવાજે ટેપ ચાલુ રાખીને સીએનજી રીક્ષા ચાલક તેની ધુનમાં જઈ રહ્યો હતો. એસ.પી.ની ગાડીને સાઈડ ન આપતા રિક્ષા ચાલક ને એસ.પી.એ. ચાલુ ગાડીએ ઠપકો આપ્યો હતો. રિક્ષા ચાલકનો પિત્તો હટી ગયો અને ગાળાગાળી શરુ કરીને રિક્ષા સાઈડમાં કરી બુમાબમ ચાલુ કરી દીધી હતી. એસ.પી.એ. પોતાની ગાડીના કાચ બંધ કરી રિક્ષાનો નંબર નોંધી લીધો ને જગ્યા છોડી દીધી..! ત્યાર પછી ગાંધીનગર એસ.પી.ને ફોન કરીને રિક્ષા નંબર લખાવ્યો જે રેલો સે-૭ પોલીસને આવ્યો હતો.

ઘટના શનિવારે સાંજે બની એટલે આરટીઓ કચેરી બંધ થઈ ગઈ હતી બીજે દિવસે રવિવાર એટલે કચેરીમાં રજા...! રિક્ષા કોની છે તેનો જવાબ અધિકારીને આપવાનો છે એટલે નંબર લઈને પોલીસ સર્કલે સર્કલે ફરી આવી પરંતુ રિક્ષાચાલક મળ્યો નથી. સોમવારે રિક્ષાચાલક પકડાય તેવી શકયતા છે.

જે.સી.આઈ. ઈન્ડિયાના ઈ.વી.પી. એસ. નવાડાએ ગાંધીનગરની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૫

જે.સી.આઈ. ગાંધીનગર શાખા દ્વારા અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. સંસ્થાની પ્રવૃત્તિઓથી જે.સી.આઈ. ઈન્ડિયાના ઈ.વી.પી. સદાનંદ નવાડા પ્રભાવિત થયા હતા. ગાંધીનગરની મુલાકાત દરમિયાન તેમણે અક્ષરધામ, કૈલાસધામ વગેરેને નિહાળ્યા હતા.

જુનિયર ચેમ્બર્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયાના એકઝીકયુટીવ વાઈસ પ્રેસિડન્ટ સદાનંદ નવાડા તાજેતરમાં ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા. પુનઃ સ્થાપનાના પ્રથમ જ વર્ષ દરમિયાન ગાંધીનગર શાખા દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને તેઓ ઝેડપી જુગલકિશોરજી સાથે ગાંધીનગરના મહેમાન બન્યા હતા. મુલાકાત દરમિયાન તેમણે અક્ષરધામ મંદિરની મુલાકાત લીધી હતી. તેમણે 'કૈલાસધામ' ખાતે થયેલી 'ફ્રેન્ડશીપ ડે'ની ઉજવણીમાં હાજરી આપી હતી. સંસ્થાની પ્રવૃત્તિઓમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર સભ્યોનું તેમણે પીન આપી સન્માન કર્યું હતું. જેસી સુનિલ ગંગવાનીને જુનિયર ફેલો મેમ્બર (જેએફએમ)ની પદવી મેળવવા બદલ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જેસીઆઈની પ્રવૃત્તિઓથી ખુશ થઈને શ્રેયસ ફાઉન્ડેશનના ટ્રસ્ટી શૈલેષભાઈએ જેસીઆઈ ગાંધીનગરને રૂ. ૨૦૦૦નું અનુદાન આપ્યુંહતું. સંસ્થાના સેક્રેટરી જેસી પ્રેરક વસાડવાએ આજ દિન સુધી કરવામાં આવેલી પ્રવૃત્તિઓનો વિસ્તૃત અહેવાલ નવાડાને આપ્યો હતો. તેઓએ સંસ્થાની પ્રગતિને બિરદાવી હતી અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. સંસ્થાના પ્રમુખ જેસી કેતન નિર્મલે પ્રોત્સાહન આપવા બદલ તેઓનો અને સૌનો આભાર વ્યકત કર્યો હતો.

ગાયત્રી શકિતપીઠ પર જન્માષ્ટમી ઉજવાશે

ગાંધીનગર, તા.૨૫

ભગવાન શ્રી કૃષ્ણના જન્મદિન એવા જન્માષ્ટમી પ્રસંગે ગાંધીનગરના સેકટર-૧માં આવેલા ગાયત્રી શકિતપીઠ ખાતે રાધાકૃષ્ણ આધારિત નૃત્ય નાટિકા અને મટકી ફોડ કાર્યક્રમ યોજાશે.

કૃષ્ણ જન્મ નિમિત્તે જન્માષ્ટમીને તા. ૨૮મી ઓગષ્ટ ૨૦૧૩ બુધવારના રોજ રાત્રે ૮.૩૦ થી ૧૧.૩૦ પૂજા ડાન્સીંગ કલબના સંચાલક પ્રજ્ઞાબેન ગજ્જર દ્વારા રાધાકૃષ્ણ પર આધારિત નૃત્ય નાટિકા નાના મોટા બાળકો રજૂ કરશે. નૃત્ય નાટિકા બાદ રાત્રે ૧૧.૩૦ કલાકે મટકી ફોડ કાર્યક્રમ અને રાત્રે ૧૨ વાગ્યે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાશે. ગાયત્રી પરિવારે ભાવિક ભકતોને આ પર્વને માણવા ખાસ જણાવ્યું છે.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા શહેરમાં વરસાદના વિરામ બાદ પણ ગંદકીથી પ્રજા ત્રાહીમામ પોકારી ઉઠી છે. ખેડબ્રહ્માના લક્ષ્મીપુરા ચાર રસ્તાથી વાસણા રોડ સુધીના ગૌરવ પથ પર મોટા મોટા ગાબડા પડી અને ત્યાં પાણી ભરાઈ રહે છે. રહીશોને ચાલવામાં ખુબ મુશ્કેલી પડી રહી છે. અત્યારે તહેવારોની મોસમમાં બજારમાં ખરીદી માટે આવતા સ્થાનીક અને ગામડાના લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. બે વર્ષ પહેલા કરોડાના ખર્ચે બનાવેલ પાણીના નિકાલની ગટર યોજનામાં પાણી જતુ જ નથી જેના કારણે પાણી રોડ પર વહેતા વેપારીઓ પરેશાન થઈ રહ્યા છે. વારંવાર નગરપાલીકામાં રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હોવાની લોકો દ્વારા ફરીયાદો ઉઠી છે.

આજે વૈજનાથ મહાદેવ મંદિરે ધાર્મિક કાર્યક્રમો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લાના વાસણિયા ગામે શિવકથાનું સુંદર પારાયણ થઈ રહ્યું છે ત્યારે શિવકથાના ત્રીજા દિવસે ભવ્ય માતાજી પ્રાગટય માતાજીને ચૂંદડી અને ઝૂલો ઝૂલાવવાનો કાર્યક્રમ યોજાશે. બપોરે ૨.૩૦ થી ૬ કલાક દરમિયાન ભારતી બાપુ શિવકથાનું રસપાન કરાવશે. આ પ્રસંગે દિલીપ ગુરુજીની વ્યાસપીઠે અને હિરલ ગોસ્વામીના સ્વરે આનંદનો ગરબો યોજાશે. વાસણીયા મહાદેવ મંદિરે સૌ શિવભકતોને પધારવા ખાસ જણાવાયું છે.

અનુસૂચિત જાતિ વાલ્મિકી પ્રભાગના ચેરમેન તરીકે કનુભાઈ વાઘેલાની વરણી

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ વાલ્મિકી પ્રભાગના ચેરમેન તરીકે ગાંધીનગરના વતની અને કોંગ્રેસના સક્રિય કાર્યકર તેમજ પાર્ટીના વિવિધ હોદ્દાઓ ઉપર સંગઠનનું કામ કરી ચૂકેલા કનુભાઈ વાઘેલાની નિમણૂંક ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જૂનભાઈ મોઢવાડિયા તેમજ ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા તેમજ ગુજરાત વિધાનસભાના પૂર્વ વિરોધપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે કરી છે.

ખેડબ્રહ્મા અને ગઢડા શામળાજીમાં જન્માષ્ટમી ઉજવાશે

ખેડબ્રહ્મા, તા.૨૫

ખેડબ્રહ્માના રાધાકૃષ્ણ મંદિર તથા ગઢડા શામળાજી ખાતે કૃષ્ણ જન્મોત્સવ તા. ૨૮ને બુધવારના રોજ પરંપરાગત ધામધુમથી અને શ્રધ્ધાપૂર્વક ઉજવવામાં આવશે તે માટે મંદિર ટ્રસ્ટ સમિતિઓ તથા મંડળો દ્વારા તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આ પ્રસંગે બંને મંદિરો ભકિતના રંગે રંગાઈ જશે અને નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકીના નાદે ગુંજી ઉઠશે.

ખેડબ્રહ્માના ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ભગવાનની મહાપૂજા-અભિષેક તથા ભજન સત્સંગનું આયોજન કરવામાં આવ્યું છે. મહાપુજાના યજમાન તરીકે પટેલ કનુભાઈ ડાહ્યાભાઈ તથા ભગવાનની ધજા ચડાવવાનો બ્રહ્મા બંગ્લોઝ ગૃપ ધર્મલાભ લેશે. આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના નાર ગામના ગણેશ ભજન મંડળ દ્વારા ગણપતિ-જલારામ-હનુમાનજી-સાંઈબાબા જોગીડો તથા રાધાકૃષ્ણના પાત્ર વેશભૂષા અને ભજન સત્સંગ સાથે ભજવવામાં આવશે.

તદ ઉપરાંત ગઢડા શામળાજી ખાતે શામળીયા ભગવાનના સાંનિધ્યમાં પરંપરાગત મેળો ભરાશે તથા ગઢડા શામળાજી મંદિર ઉત્સવ સમિતિ આર્યન્સ કલબ-ગુદેલ તથા પૃથ્વી યુવક મંડળ દ્વારા ભજન-રાસ ગરબા તથા મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જન્માષ્ટમી પ્રસંગે તાલુકો ભકિતના રંગે રંગાઈ જશે અને ભાવિક ભકતો ભગવાનને પારણામાં ઝુલાવી તથા પંજરીનો પ્રસાદ લઈ ધન્યતા અનુભવશે.

શબ્દાવલી - ૫૧૫૯

૧		૨		■	૩		૪
	■		■	૫		■	
૬	૭	■	૮				■
૯		■	૧૦			■	■
૧૧		૧૨	■	■	૧૩	૧૪	૧૫
■	૧૬		૧૭	૧૮	■	૧૯	
૨૦	■	૨૧			૨૨		■
૨૩			■	૨૪			■

આડી ચાવી

૧. સંધિ, મેળ (૪)
૩. પીડા, વ્યાધિ (૩)
૫. વદાડ લેવો, ... કરવો (૨)
૬. નસ, નાડી (૨)
૮. એક નાનકડું ફળ (૪)
૯. વાઢ, કાપો, ચીરો (૪)
૧૦. 'કતાર' શબ્દ આડોઅવળો (૩)
૧૧. માખણ (૩)
૧૩. ચમક..., શોભા (૩)
૧૬. મકાઈની ધાણી (૪)
૧૯. ફરજ, જવાબદારી (૨)
૨૧. પાણીની જેમ પૈસા વાપરે એટલે કે પૈસાની... (૫)
૨૩. તરી શકે તેવો પદાર્થ (૩)
૨૪. દરકાર, પરવા (૩)

ઊભી ચાવી

૧. રીપેરીંગ કામ (૫)
૨. ધાન્ય (૨)
૩. મનુષ્યના કદનો (૫)
૪. સુગંધી લાકડુ (૨)
૫. કહાની (૩)
૭. ગપ્પા મારવા, ... કરવી (૪)
૮. વેરો, ટેક્સ (૨)
૧૨. ટોપરાનું તેલ (૪)
૧૪. ઠંડીમાં ગળે વીંટાતું કપડું (૪)
૧૫. દેવું (૨)
૧૭. વચન (૨)
૧૮. લવણ, મીઠું (૩)
૨૦. મા,જનની (૨)
૨૨. કાણુ (૨)

શબ્દાવલી ૫૧૫૮ના જવાબ

આડી ચાવી :- (૧) હવામાન (૩) કસર (૫) ભરમાર (૭) તીર (૯) ભરમાર (૭) તીર (૯) ચડભડ (૧૧) યાતના (૧૩) વાહન (૧૮) કજરાળી (૧૯) ચાક (૨૧) યારાના (૨૪) ઉપરાણુ (૨૫) રખડુ

ઊભી ચાવી :- (૧) હવાતીયા (૨) નભ (૩) કમાડ (૪) સરભરા (૬) રચના (૮) રતવા (૧૦) ડબકા (૧૨) નાહક (૧૫) નજરાણુ (૧૬) કાળીયાર (૧૭) વેચાઉ (૨૦) કપ (૨૨) રાખ (૨૩) નાડુ

બ્રહ્મસમાજનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૫

પાલનપુરના વતની (મૂળ : સિપોર) અને ગાંધીનગર ખાતે નિવાસ કરતા શિક્ષણ ખાતામાં કલાસ

વન ઓફિસર તરીકે સેવા બજાવતા મહેશભાઈ પ્રહલાદભાઈ મહેતાની સુપુત્રી ચિ. એકતાએ કંપની સેક્રેટરીની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. તેઓએ માત્ર ૨૧ વર્ષની ઉમરે આ ડીગ્રી મેળવનાર પાંત્રીસી ઔદીચ્ય બ્રહ્મસમાજની પ્રથમ વ્યકિત હોવાનું ગૌરવ પ્રાપ્ત કરેલ છે. અતિશય કઠીન એવા ફાઉન્ડેશન, એકઝીકયુટીવ, પ્રોફેશનલ ત્રણ તબક્કા સફળતાપૂર્વક પસાર કરી તેઓએ પ્રતિષ્ઠાયુકત પ્રોફેશનલ ડિગ્રી પ્રાપ્ત કરી કુટુંબ, સમાજ અને જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

ફ્રુટસલાડમાં દેડકો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાત કરતા લારીવાળાએ પૈસાની લાલચ આપવાથી માંડીને ધાકધમકી આપવાનો પ્રયત્ન પણ કર્યો, જો કે તે ફાવ્યો નહી. અન્ય લોકો સાથે આવો બનાવ ન બને તે માટે તેઓ ગ્લાસ લઈને આ અખબાર સુધી આવ્યા. આ વાંચીને વસાહતીઓ તો ચેતે જ, સાથે સાથે મનપાના અધિકારીઓ જાગે. રોગચાળાની સ્થિતિ ગંભીર બની છે ત્યારે ચેકીંગ જેવા શસ્ત્રો અધિકારીઓએ અજમાવવા જોઈએ. સમયસર આવા શસ્ત્રોનો ઉપયોગ ન કરવાથી તેનો કોઈ અર્થ રહેતો નથી. રોજેરોજ વસાહતીઓ બની રહ્યા છે.

ખોરાક અંગેના જાતભાતના કડક કાયદાઓ આપણે ત્યાં બને છે. પરંતુ તેઓ સામાન્ય લોકોના સ્વાસ્થ્ય સાથે ચેંડા કરતા તત્વોના ગળાનો ગાળિયો બનવાની જગ્યાએ અધિકારીઓના ગજવા ભરવાનું માધ્યમ બની ગઈ છે. ભેળસેળયુક્ત ખોરાક અને મીલાવટવાળી ચીજવસ્તુઓનું વેચાણ આપણે ત્યાં ખુલ્લેઆમ થાય છે. ખોરાકમાંથી વંદા, કીડી, મંકોડા નીકળવાનો તો જાણે સાવ સામાન્ય થઈ ગયા છે. દેડકાં નીકળે તો પણ આવા તત્વોનું કોઈ કાંઈ બગાડી શકતુ નથી. શહેરમાં લાઈસન્સ વિના ધમધમતી આવી અનેક લારીઓ પર અખાદ્ય પદાર્થ ખુલ્લેઆમ વેચાય છે પરંતુ ખોરાક-ઔષધ નિયમન તંત્રના અધિકારીઓથી લઈને મનપાના અધિકારીઓને તેની જાણે કોઈ પરવા જ નથી.

તગડા પગારે નોકરી કરતા અધિકારીઓને આવી બધી બાબતોમાં રસ જ નથી. અધિકારીઓની નિષ્ક્રિયતાના જ પરીણામે આવા તત્વો વગર લાયસન્સે કોઈ પણ પ્રકારના ધારા ધોરણોનું પતન કર્યા વિના ખુલ્લેઆમ કમાણી કરી રહ્યા છે.

પંચમહાભૂતમાં વિલિન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જનતા અંતિમ દર્શન કરી શકે તે માટે સવારે ૮-૪૫ થી ૧૦-૦૦ વાગ્યા સુધી આઈપીએસ, મેસ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ ખાતે રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ ૧૦-૩૦ કલાકે એએમસી મુક્તિધામ, વીએસ હોસ્પિટલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ ખાતે તમામ પોલીસ સન્માન સાથે અંતિમક્રિયાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આઠમી ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે રાજ્યના ડીજીપી તરીકે ૧૯૭૭ની બેચના આઈપીએસ અધિકારી અમિતાભ પાઠકને મુકવામાં આવ્યા હતા. તેઓ એસીબીના ડાયરેક્ટર પદે પણ હતા. ગાંધીનગર રેન્જ આઈજી તરીકે પાઠકે રૂચી અપહરણ કાંડમાં તપાસ કરી હતી. સમગ્ર ગુજરાતને હચમચાવી મુકનાર ગાંધીનગરના રૂટી અપહરણ કાંડ વખતે અમિતાભ પાઠક ગાંધીનગરના રેન્જ આઈજી હતા. તેમની તપાસ હેઠળ રૂચીનો પતો મળ્યો હતો.

શિક્ષણના પ્રશ્નો માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કારણે હજારો વિદ્યાર્થીઓને પ્રવેશ પ્રક્રિયામાં હેરાન-પરેશાન થવું પડે છે. ઈજનેરી, ફાર્મસી, તબીબી શિક્ષણમાં લાખો રૂપિયાના ડોનેશનોને કારણે શિક્ષણના વ્યાપારીકરણને આ સરકાર પ્રોત્સાહન આપી રહી છે. ભાજપ સરકારે શિક્ષણના અધિકાર કાયદાનો અમલ ન કરીને અનેક બાળકોનો મફત શિક્ષણનો અધિકાર છીનવી લીધો છે. કોંગ્રેસના શાસનમાં પ્રાથમિકથી લઈ પીએચ.ડી. સુધી કન્યા કેળવણી મફત ઉપલબ્ધ કરાવવામાં આવતી હતી. આજે ભાજપ સરકારમાં બહેનોને પણ સેલ્ફ ફાઈનાન્સમાં ઊંચી ફી ભરીને શિક્ષણ મેળવવું પડે છે. ખેડૂત હોય કે ખેતમજુર કે અન્ય તમામને સરળતાથી શિક્ષણ મળે અને ઓછી ફીમા સારું શિક્ષણ મળે તે માટે કોંગ્રેસ સરકારે અસરકારક કામગીરી કરી હતી, તેના લીધે અનેક સામાન્ય પરિવારના બાળકો ઉચ્ચ અભ્યાસ મેળવીને ગુજરાતમાં વહીવટી સેવાઓ આપી રહ્યાં છે.

વિધાનસભા કોંગ્રેસના પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, શિક્ષણ એ સેવાના માધ્યમને બદલે ભાજપ સરકારે તેને કમાણીના સાધનમાં પરિવર્તિત કર્યું છે. વિદ્યા સહાયક, શિક્ષણ સહાયક અને અન્ય સહાયક પ્રથામાં શિક્ષિત યુવાન - યુવતીઓનું આર્થિક શોષણ થાય છે. રાજ્યમાં અને સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ વધુ સેવા આપવા માટે તત્પર છે, પણ કમનસીબે ગુજરાત સરકાર આવી સંસ્થાઓ સામે નકારાત્મક અભિગમ રાખે છે. સરકારનું કામ શિક્ષણને પ્રોત્સાહન આપવાનું છે. ગુજરાતની ભાજપ સરકાર આનાથી ઉલટું કામ કરી રહી છે. રાજ્યમાં છેલ્લાં ઘણા સમયથી શિક્ષણક્ષેત્રે અંધાધૂધી પ્રવર્તી રહી છે. સચિવાલયમાં જવાબ દેવા માટે કોઈ તૈયાર નથી. અધ્યાપકોની ભરતી થતી નથી. ભાજપ સરકારના શિક્ષણમાં ભ્રષ્ટ્રાચારીભર્યા અભિગમ સામે રાજ્યવ્યાપી આંદોલન કરવું પડશે. જેના ભાગરૂપે આ શિક્ષણ સાથે સંકળાયેલા રાજ્યની તમામ યુનિવર્સિટીઓ અને શાળા - કોલેજોના પ્રતિનિધિઓ આ ચિંતન બેઠકમાં ભેગા થયા છે, ત્યારે આગામી દિવસોમાં સૌના માટે શિક્ષણના નારા સાથે રાજ્યવ્યાપી આંદોલનના કાર્યક્રમો ઘડી કાઢવામાં આવશે.

શિક્ષણ માટેની ચિંતન બેઠકની ભૂમિકા આપતાં પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી હસમુખભાઈ પટેલે જણાવ્યું હતું કે, કોંગ્રેસના શાસનમાં સમાજમાં સેવા કરનારા લોકોને પ્રોત્સાહન આપીને શૈક્ષણિક સંસ્થાઓ ખોલવા માટે તૈયાર કરવામાં આવતા હતા. મધ્યાહ્ન ભોજન યોજનાને કારણે કુપોષણ સામે લડત લડી શક્યા છે અને શૈક્ષણિક સંસ્થામાં ડ્રોપઆઉટ સામે સુધારો કરી શક્યા છે. કોંગ્રેસના શાસનમાં પાઠ્યપુસ્તક સહિત અનેક સ્કોલરશીપની યોજનાઓ અસ્તિત્વમાં હતી. રાજ્યમાં સરકારી અને ગ્રાન્ટેડ સંસ્થાઓનું શૈક્ષણિક માળખું તોડી નાંખવા માટે રાજ્યના શિક્ષણ વિભાગે અનેક નકારાત્મક પગલાં ભર્યાં છે. પરિણામે સેલ્ફ ફાઈનાન્સ સંસ્થાઓનો રાફડો ફૂલી ફાલ્યો છે.

શિક્ષણ માટેની ચિંતન બેઠકમાં સંબોધન કરતાં પૂર્વ શિક્ષણ મંત્રી ડૉ. કરસનદાસ સોનેરીએ જણાવ્યું હતું કે, અનુસૂચિત જાતિ અને જનજાતિના બાળકોને શિક્ષણ મેળવવું આ સરકારે મુશ્કેલ બનાવી દીધું છે. ભાજપની માનસિક્તા એવી છે કે, દલિત અને આદિવાસીના બાળકો શિક્ષણથી વંચિત રહે. ઈજનેરી, મેડીકલ શિક્ષણમાં ઊંચા ફીના ધોરણના કારણે દલિત આદિવાસીના બાળકો સારી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ લઈ શકતા નથી. એસ.સી.એસ.ટી. માટે અગાઉની સરકારમાં સ્કોલરશીપ સમયસર મળતી હતી. ભાજપ સરકારે આ સ્કોલરશીપમાં અનેક અડચણો ઉભી કરી છે.

શિક્ષણ માટેની ચિંતન બેઠકમાં સમગ્ર રાજ્યમાંથી ૫૦૦થી વધુ શિક્ષણના પ્રતિનિધિઓ હાજર રહી શિક્ષણના પ્રશ્નો અંગે અને રાજ્ય સરકારના શિક્ષણવિરોધી નિર્ણયો સામે સક્રિય ચર્ચા કરી હતી અને તેના આધારે ભાજપ સરકારના શિક્ષણવિરોધી જે જે નિર્ણયો છે અને તેના કારણે રાજ્યમાં શિક્ષણમાં જે અવરોધ ઉભો થાય છે તે માટેની ચાર્ટર ડિમાન્ડ પેપર તૈયાર કરવામાં આવ્યું છે. જે આગામી સમયની અંદર રાજ્ય સરકાર સામે આંદોલન સ્વરૂપે રજૂ કરવામાં આવશે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હેમાંક્ષીબેન રાવ, ઉપકુલપતિ ડૉ. નિદત બારોટ, પાટણના સાંસદ શ્રી જગદીશભાઈ ઠાકોર, ધારાસભ્ય શ્રી શૈલેષ પરમાર, ડૉ. તેજસ્વીબેન પટેલ, વહીવટી કર્મચારી મંડળના નેતાઓ, શૈક્ષણિક સંસ્થાના સંચાલકો, વિવિધ યુનિવર્સિટીઓના પદાધિકારીઓએ ઉપસ્થિત રહી તલસ્પર્શી સૂચનો કર્યા હતા. એમ.એસ. યુનિવર્સિટીમાં ભવ્ય વિજય મેળવનાર એન.એસ.યુ.આઈ.ના વિજેતા ઉમેદવાર શ્રી પૂર્વેશ બરોલે અને અનેરી શુક્લને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ સન્માનિત કર્યા હતા.

શિક્ષણ ચિંતન બેઠકનું સંચાલન શ્રી જયરાજસિંહ પરમારે કર્યું હતું. સ્વાગત પ્રવચન ડૉ. મનીશ દોશીએ કર્યું હતું અને ચાર્ટર ડિમાન્ડ ડૉ. હિમાંશુ પટેલે રજૂ કરી હતી. આભારવિધિ ગાંધીનગર શહેર કોંગ્રેસના પ્રમુખ શ્રી મુકેશ પટેલે કરી હતી.